## 1. પ્રથમ વિશ્વયુધ્ધની શરૂઆત કઈ રીતે થઈ હતી ?

- ત્રાસવાદી સંસ્થાના એક સભ્ય પ્રિન્સયે બોસ્નિયાની રાજધાની સારાજેવોમાં ઓસ્ટ્રિયન રાજકુમાર આર્કડયુક ફર્ડિનાન્ડ તથા તેની પત્નીની હત્યા કરી. તેથી ઓસ્ટ્રિયાએ સર્બિયા સામે યુધ્ધનું એલાન કર્યું. રશિયાએ પોતાના લકરમાં સૈનિકોની ભરતી કરતાં જર્મનીએ વાંધો લીધો. આવા સંજોગોમાં જર્મનીએ રશિયા અને ફ્રાન્સ સામે યુધ્ધની જાહેરાત કરતાં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઈ..

## 2. જર્મન સમ્રાટ વિલિયમ બીજાએ લશ્કરવાદને કેમ ઉતેજન આપ્યું?

- ઈ.સ. 1890 માં બિસ્માર્કના પતન પછી આવેલો જર્મન સમ્રાટ વિલિયમ કૈઝર બીજા વધુ પડતો મહત્વકાંક્ષી હતો. તે જર્મનીમાં ઉત્પાદિત થતા માલના વેચાણ માટે વિશાળ બજાર મેળવી, વિશ્વ ઉપર જર્મનીનું રાજકીય અને આર્થિક વર્ચસ્વ સ્થાપવા માગતો હતો. ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયાને નમાવ્યા વગર તેની સામ્રાજયવાદી મહત્વકાંક્ષા પૂર્ણ થાય તેમ ન હતી. આથી પોતાની મહત્વકાંક્ષા પૂર્ણ કરવા તેણે લશ્કરવાદ અને શસ્ત્રીકરણને ભારે ઉતેજન આપ્યું.

## 3. રાષ્ટ્રસંઘની સ્થાપના શા માટે કરવામાં આવી?

- પ્રથમ વિશ્વયુદ્ધથી પારવારા જાનહાનિ થઈ અને અબજો રૂપિયાની સંપતિ નાશ પામી, આમ, વિશ્વયુધ્ધ જગતને ભયંકર વિનાશ તરફ દોરી ગયું. ફરીથી આવો વિશ્વવિગ્રહ ન થાય એ માટે વિશ્વના દિશોને જગતમાં શાંતિ જાળવી રાખવા, પરસ્પરના મતભેદો કે ઝઘડાઓ વાટાઘાટો કે લવાદ દ્વારા શાંતિથી ઉકેલવા તથા વિશ્વબંધુત્વની ભાવના ફેલાવવા એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની જરૂર જણાઈ આથી પ્રથમ વિશ્વ યુધ્ધ ના અંતે પેરિસ મા યોજાયેલ શાંતિ પરિષદ મા આંતરરાષ્ટ્રીય કક્ષાએ 'રાષ્ટ્રસંઘ' નામે વિશ્વસંસ્થા સ્થાપવાનો નિર્ણય લેવાયો.

## 4. રશિયાના ઈતિહાસમાં માર્ચ 1917ની ક્રાંતિ 'વસંત ક્રાંતિ' ના નામે શાથી ઓળખાય છે ?

- 8 માર્ચ, 1917 ના રોજ પિટસબર્ગના કામદારોએ જંગી હડતાલ પાડી અને વિશાળ સરઘસ કાઢ્યું હતું. તેમાં લેનિનના સમર્થકો હતાં. આ સરઘસને અટકાવવા મોકલવા માં આવેલા લશ્કરે ગોળીબાર કરવાનો ઈક્રાર કર્યો. લશ્કરના ટેકાથી બળ મળતા ક્રાંતિ ઉગ્ર બની. ઉગ્ર ક્રાંતિના સમાચાર 'ડૂમા' એ ઝારને મોકલ્યા. ઝારે 'માં' ને જ બરખાસ્ત કરવાનો આદેશ આપ્યો. 'ડુમા' એ આદેશનો ઈક્રાર કરી 'ઝાર' ના પદનો જ અંત લાવી દીધો. 300 વર્ષના ઈતિહાસમાં રશિયા પ્રથમ વાર ઝારવિહોણું બની ગયું. આ ક્રાંતિ માર્ચ માસમાં વસંતઋતુમાં થઈ હોવાથી તે 'વસંતક્રાંતિ' તરીકે ઓળખાઈ.

## 5. પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?

- પ્રથમ વિશ્વયુદ્ધના તાત્કાલિક કારણમાં ઓસ્ટ્રિયાના ગાદીવારસ અને તેમના પત્નીનું બોસ્નિયાના પાટનગર સારા જોવામાં થયેલું ખુનને ગણવામાં આવે છે. આ ઉપરાંત નીચેના કારણો પણ જવાબદાર હતા.
- (1) ઉગ્ર સંકુચિત અને વિકૃત રાષ્ટ્રવાદ (2) સામ્રાજયવાદ (3) લશ્કરવાદ (4) પ્રાદેશિક સંઘર્ષ. (5) ગૃપ્તસંધિઓ અને રાષ્ટ્રોની જૂથ બંધીઓ (6) વર્તમાન પત્રોની વિધાતક (ઝરી) અસર (7). જર્મનીની મહત્વકાંક્ષા (8) શક્તિશાળી મધ્યસ્થ સંસ્થાનો અભાવ. (9) ઓસ્ટ્રિયાના ગાદીવારસની હત્યા. (10) યુદ્ધની ધટનાઓ.

6. પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ સમજાવો.

- પ્રથમ વિશ્વયુદ્ધના તાત્કાલિક કારણમાં ઓસ્ટ્રિયાના ગાદીવારસ અને તેમના પત્નીનું બોસ્નિયાના પાટનગર સારા જોવામાં થયેલું ખુનને ગણવામાં આવે છે. આ ઉપરાંત નીચેના કારણો પણ જવાબદાર હતા.
- (1) ઉગ્ર સંકુચિત અને વિકૃત રાષ્ટ્રવાદ (2) સામ્રાજયવાદ (3) લશ્કરવાદ (4) પ્રાદેશિક સંઘર્ષ. (5) ગુપ્તસંધિઓ અને રાષ્ટ્રોની જૂથ બંધીઓ (6) વર્તમાન પત્રોની વિધાતક (ઝરી) અસર (7) જર્મનીની મહત્વકાંક્ષા (8) શક્તિશાળી મધ્યસ્થ સંસ્થાનો અભાવ. (9) ઓસ્ટ્રિયાના ગાદીવારસની હત્યા. (10) યુદ્ધની ધટનાઓ.